Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 21 | August – September 2017

# ગ્રામ વિકાસના સંદર્ભમાં બાળસુરક્ષા અને વાલીઓની જાગૃતતામાં ચાઈલ્ડલાઈનની ભુમીકા એક પડકાર

## પ્રસ્તાવના

"જ્યાં સુધી બાળકો ઘરમાં માર ખાય,
શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય,
ત્યાં સુધી જંપ કેમ વળે ?...."

- ગીજુભાઈ બધેકા

બાળકો બગીચાનું ફુલ ગણાય છે. તે ભગવાનનું સ્વરૂપ ગણાય છે. આજનું બાળક આવતીકાલનો નાગરિક ગણાય છે. તેથી કોઈપણ રાજ્ય માટે તેના બાળકો અતિ મહત્વના ગણાય છે. પ્રાચીન ગ્રીસના સ્પાર્ટાએ બાળકને રાજ્યની સંપત્તિ ગણી તેનું મહત્વ સ્વીકારેલું. રાજ્ય બાળકના શિક્ષણની જવાબદારી ઉઠાવતુ પરંતુ સ્પાર્ટા નબળા જન્મેલા બાળકને મારી નાખતુ. તે લશ્કરી રાજ્ય હતું. બાળકનું મહત્વ રાજ્યની ભાવી લશ્કરી તાકાત હતી. ભારતમાં પ્રાચીન સમયથી બાળકનું મહત્વ છે. સ્ત્રી ગર્ભવતી થાય ત્યારથી તેની સંભાળ માટે વિશેષ કાળજી લેવાતી. ગર્ભમાં રહેલ બાળકને શ્રીમંત સંસ્કાર અપાતા. બાળકના જન્મ પછી તેના નામકરણ સંસ્કાર થતા. આમ છતાં બાળકમાં પણ પુત્ર જન્મનું જ મહત્વ હતું. પુત્રને વંશ વધારનાર ગણી સન્માન અપાતુ, તેની વિશેષ કાળજી લેવાતી. પુત્રી જન્મ દુઃખ આપનાર ગણાતો. કન્યાનુ કોઈ મહત્વ ન હતુ. તેનો ઉછેર પારકુ ધન ગણીને જ કરાતો. અંગ્રેજ શાસન દરમ્યાન દાખલ થયેલ અંગ્રેજી કેળવણીએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના આપેલા મૂલ્યોએ બાળકોમાં પણ છોકરા-છોકરી તરફના દ્રષ્ટિકોણમાં ધીમુ પણ ચોક્કસ પરિવર્તન શરૂ કર્ય

## અભ્યાસના હેતુઓ

**ગ્રામ વિકાસના સંદર્ભમાં બાળસુરક્ષા અને વાલીઓની જાગૃતતામાં ચાઈલ્ડલાઈનની ભુમીકા અંગે જાણકારી મેળવવી એજ મુખ્ય હેતુ છે. આ સમગ્ર અભ્યાસમાં બાળકોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે તેથી નીચે મુજબની માહિતી પ્રાપ્ત કરવાનો હેતુ છે.**

1. ગ્રામ વિકાસમાં બાળસુરક્ષાની અગત્યતા જાણવી.
2. બાળકોને કયા કયા હક્કો આપવામાં આવ્યા છે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરવી.
3. બાળકોની વસ્તી અંગેની માહિતી મેળવવી.

4. બાળકો સામેના ગુનાઓનુ પ્રમાણ જાણવુ.
5. ચાઈલ્ડલાઈનની તથા તેમા આવતા કેસો અંગેની સામાન્ય માહિતી મેળવવી.
6. બાળસુરક્ષા અંગેની સામાન્ય જાગૃતતા વાલીઓમા છે કે નહી તે અંગેની માહિતી મેળવવી.

**અભ્યાસનો માહિતી સ્ત્રોત**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનાં સ્ત્રોત તરીકે ભારતમાં બનતા દરેક ગુનાઓનુ અને ઘટનાઓનું દસ્તાવેજીકરણ 1967 થી National Crime Records Bureau, (NCRB) Ministry of Home Affairs, Govt. Of India. દ્વારા કરવામાં આવે છે, આ દસ્તાવેજો દર વર્ષે જાહેર કરવામાં આવે છે. આ દસ્તાવેજની આંકડાકિય માહિતી અનેક પ્રકારે રજુ કરવામાં આવે છે. અહી 2001 થી 2011 દરમ્યાન સમગ્ર ભારતમાં બાળકો સામેના જે ગુનાઓ નોંધાયા છે તેની આંકડાકિય માહિતીનો આ લેખમાં ઉપયોગ કરવમાં આવ્યો છે. આ NCRB ના અહેવાલો તથા ચાઈલ્ડલાઈન સંસ્થા અભ્યાસ માટેની માહિતીનો મુખ્ય સ્ત્રોત છે.

**બાળકની વ્યાખ્યાઓ**

ભારતના બંધારણની કલમ 24 મુજબની બાળકની વ્યાખ્યા “કોઈપણ વ્યક્તિ જે 14 વર્ષની છે તેને બાળક ગણવામાં આવે છે. ” વિવિધ કાયદાઓ મુજબ બાળક કોને કહેવાય તે નીચેની વ્યાખ્યાઓ માંથી જાણી શકાય છે.

1. બાળમજુરી 1986 ના કાયદા મુજબ બાળમજૂરીના નિયંત્રણ અને નિયમનના કાયદામાં 14 વર્ષની ઉંમર પૂરી ન થઈ હોય તેવી વ્યક્તિને બાળક ગણવામાં આવે છે.
2. જુવેનાઈલ જસ્ટિસ એક્ટ-2006 મુજબ બાળક એટલે એવી વ્યક્તિ કે જેને 18 વર્ષ પૂરા કરેલ નથી.
3. બાળકોના અધિકાર અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘનું કરારનામાની(2001) કલમ નંબર-1, મુજબ બાળક એટલે 18 વર્ષથી નાની વયની પ્રત્યેક વ્યક્તિ, સિવાય કે બાળકને લાગુ પડતા કાયદા પ્રમાણે પુખ્તતાએ પહોંચવાની ઉંમર વહેલી નક્કી કરાઈ હોય.
4. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 2009 મુજબ જેની ઉંમર 6 વર્ષથી ઓછી ન હોય અને 14 વર્ષથી વધારે ન હોય તે છોકરો કે છોકરી એટલે બાળક.
5. બાલવિવાહ નિષેધ અધિનિયમ (1929) મુજબ 21 વર્ષથી ઓછી ઉંમરનો છોકરો અને 18 વર્ષથી ઓછી ઉંમરવાળી છોકરીને બાળક તરીકે ગણવામાં આવે છે.
6. એપ્રિન્ટીસ એક્ટ (1951) કારખાના અધિનિયમ (1948) તથા બાળશ્રમ અધિનિયમ (1986) અનુસાર 14 વર્ષથી ઓછી ઉંમરની દરેક વ્યક્તિને બાળક કહેવામા આવે છે.

**ગ્રામ વિકાસમાં બાળસુરક્ષાની અગત્યતા**

**ગામડામાં પાયાનો એકમ એટલે કુટુંબ. અને કુટુંબના વિકાસનો આધાર તેની યુવા પેઢી તથા બાળકો ઉપર રહેલો છે. મહાત્મા ગાંધીએ** કહ્યુ છે.કે “જો આપણે બધાજ આ દુનિયામાં વાસ્તવિક શાંતિ સુધી પહોંચવા માંગીએ છે. તો આપણે તેની શરૂઆત બાળકોથી જ કરવી પડશે.” આપણે 14 નવેમ્બરને બાળદિવસ તરીકે ઉજવીએ છીએ ત્યારે

બે-પાંચ દિવસ બાળકોના હિતની, શિક્ષણ, પ્રગતિની વાતો કરીએ છીએ પણ આપણે જે બાળકો શારીરિક અને માનસિક શોષણનો ભોગ બની રહ્યા છે તેવા બાળકો વિશે વિચારતા નથી. આજે જોખમી કારખાનામાં રેલ્વે સ્ટેશન, ફુટપાથ ઉપર કામ કરતા અને રહેતા બાળકોનું બચપણ રડી રહ્યુ છે. તેમના નિર્દોષ હાસ્યને બદલે તેના ચહેરા પર હતાશા જોવા મળે છે. અવાર નવાર બાળકો માલિકના કે બીજા લોકોના અત્યાચાર, ધાક ધમકી, જાતીય અને માનસિક સતામણી નો ભોગ બને છે. કુટુંબમાં બાળક પ્રાથમિક એકમ છે. બાળકો અનેક પ્રકારની સુવિધાઓ અને જરૂરિયાતો પ્રેમ, હુંફ કુટુંબમાંથી જ મેળવે છે. કુટુંબથી જ બાળકનો વિકાસનો માર્ગ મોકળો બને છે.

સનાતન કાળથી બાળકોને સમાજની સંપત્તિ ગણવાનો આદર્શ અપનાવવામાં આવેલ છે. બાળકોનાં ઉછેર, કેળવણી, સંરક્ષણ તથા સર્વાંગી વિકાસ માટે યથાયોગ્ય કરવાની જવાબદારી આપણે તથા શાસકોએ સ્વીકારેલી છે. બાળકો સમાજનો એક વિશિષ્ટ “સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવતો સમૂહ હોઈ તેની સારસંભાળ લેવા, તેનું શોષણ થતું અટકાવવા, તેની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા અને તેને શારીરિક તેમજ માનસિક રક્ષણ પૂરૂં પાડી આદર્શ નાગરિક બનાવવાની જવાબદારી બાળકના માતાપિતાની છે તેટલી જ રાજ્યની પણ છે. કલ્યાણ રાજ્યના ઉદ્દેશથી ઘડવામાં આવેલ ભારતનાં બંધારણમાં પણ બાળકોનું શોષણ અટકાવવા તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રાથમિક જરૂરિયાત પર્યાપ્ત કરાવવા “માર્ગદર્શક સિદ્ધાંતો” માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. વધુમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં ચર્ચા વિચારણાનાં અંતે પક્ષકાર રાજ્યોએ કરેલ ખતપત્રોમાં બાળકલ્યાણ અને બાળન્યાયનાં પ્રબંધો સૂચિત કરેલ છે. તે રીતેના સિદ્ધાંતો લક્ષમાં લઇ ભારતમાં બાળકો અંગે “રાષ્ટ્રીય નીતિ” ઘોષિત કરવામાં આવેલી અને તેના જણાવ્યા મુજબ-

1. બાળકના જન્મ પહેલા અને જન્મ પછીનાં સમય દરમ્યાન તેના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટે જરૂરી તમામ સાધનો તેમજ સુવિધા રાજ્ય પૂરી પાડશે.
2. જે બાળકો સામાજિક રીતે સક્ષમ ન હોય કે, મજબુરીનો ભોગ બનેલ હોય તેવા બાળકોને સમાજમાં પુનઃસ્થાપિત કરવા, શિક્ષિત કરવા તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય અને દેશનાં ઉપયોગી નાગરિક બને તેવી સુવિધાઓ રાજ્ય પુરી પાડશે.
3. બાળકો સામાજિક સંજોગોના કારણે ઉપેક્ષિત ન બને તેમજ તેમના પ્રત્યે ક્રૂરતા આચરવામાં ન આવે કે કોઈ પણ રીતે તેમનું શોષણ ન થાય તે અંગેની જોગવાઈ કરવા રાજ્ય પ્રયત્નશીલ રહેશે.
4. બાળકો મા-બાપ સાથે હોય અગર સંસ્થાઓમાં હોય ત્યારે તેમનું હિત સર્વોચ્ચ કક્ષાનું રહે અને તે અંગે કોઈ વાદવિવાદ ન થાય તે માટે અસ્તિત્વમાં રહેલ કાયદાઓમાં પણ જરૂરી સુધારાઓકરવામાં આવશે,
5. બાળસંરક્ષણ અને બાળકોના મૌલિક અધિકારોના રક્ષણ માટે તેમજ બાળકોને સમાજમાં ઉપેક્ષિત થતા અટકાવી તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સંગઠીત પ્રયાસ કરશે.

**બાળકોને કયા કયા હક્કો આપવામાં આવ્યા છે તે અંગેની જાણકારી**

બાળકો પ્રત્યે વિશેષ કાળજી દાખવવાની આવશ્યકતા 1924 નાં બાળઅધિકારોના જીનિવા ઘોષણાપત્રમાં પરિલક્ષિત થઇ જેમાં બાળકોની શારીરિક અને માનસિક સુરક્ષા પર ભાર મુકવામાં આવ્યો અને 1948માં માનવ અધિકારોના ઘોષણાપત્રમાં અનુચ્છેદ 25 માં માતા તથા બાળકની વિશેષ સુરક્ષા તરફ ધ્યાન આપવામાં આવ્યું. 1989 માં બાળકોના અધિકારની ઘોષણા કરી બાળકનાં અધિકાર અંગેની સમજૂતી રાષ્ટ્રસંઘની મહાસભા દ્વારા 20 નવેમ્બર 1989 માં સ્વીકારવામાં આવી. આપણા દેશે પણ પછી 1992 માં એનો સ્વીકાર કર્યો. આમ ભારત સહિત કુલ 151 દેશોએ આ ઘોષણાનું સમર્થન કર્યું. આ પ્રસ્તાવનામાં કુલ 54 અનુચ્છેદ છે. અને આં 54 અનુચ્છેદને ત્રણ ભાગમાં વહેંચીને બાળ હક્કો ની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં નીચેના કેટલાક મહત્વના બાળ હક્કોનો સમાવેશ કરવામાં આવ્યો.

**1. જીવન જીવવાનો હક્કઃ**

આ હક્કની જરૂર છોકરા કરતા છોકરીને વધુ પડે છે. જુના સમયમાં પુત્રીને દૂધપીતી કરવાની પ્રથા હતી. એટલે કે પુત્રીનો જન્મ થાય તો ઘણા લોકો દૂધનું તપેલુ જન્મ સમયે તૈયાર રાખતા અને પુત્રીને તેમાં ડૂબાડીને તેના જીવનનો અંત આણતા. આધુનિક સમયમાં ગાયનેકોલોજીસ્ટ ડૉક્ટર પાસે ગર્ભનો યોગ્ય વિકાસ થઈ રહ્યો છે કે કેમ તે જાણવાના યંત્ર હોય છે. જેમાં બાળકની જાતિ પણ જાણી શકાય છે. તેથી ઘણા સ્ત્રી લિંગનો ગર્ભ જણાય તો ગર્ભપાત કરાવે છે. ભારત સરકારે આવા કૃત્યને ગુનાપાત્ર ગણાવ્યું છે. આમ છતાં સમાચાર પત્રોમાં અને ટીવી ઉપર આ અંગેના કિસ્સા પ્રકાશમાં આવે છે. આવા વર્તનને લીધે જ સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. વધુમાં આના માટે પુત્ર જન્મનો મહિમા વત્તે ઓછે અંશે પ્રત્યેક ધર્મમાં સ્વીકારાયો છે તે છે. આમ બાળકને જન્મવાનો હક્ક છે. તે સાથે જીવન જીવવાનો પણ હક્ક છે. જન્મ પછી બાળકની યોગ્ય સાર-સંભાળ લેવાય, તેને યોગ્ય પોષણ મળી રહે. યોગ્ય વાતાવરણ મળી રહે તો જ તે જીવન જીવવાનો હક્ક ભોગવી શકે. આ માટે શહેરોમાં બાગ-બગીચા શહેરના ફેફસા સમાન ગણાય છે. બાગ-બગીચાનો લાભ ભલે સીનીયર સિટીઝનને પણ મળે પરંતુ બાળ ક્રિડાંગણનો લાભ તો બાળકોને મળવો જ જોઈએ. આમ, જીવન જીવવાના હક્કમાં સર્વોચ્ચ સ્વાસ્થ્ય, પોષણ અને પૂરતું જીવનધોરણ તેમજ નામ અને રાષ્ટ્રીયતાનાં અધિકારનો સમાવેશ થાય છે.

**2. સુરક્ષાનો હક્કઃ**

બાળક જન્મ લે અને જીવન જીવે એટલું પુરતું નથી તે સુરક્ષિત જીવન જીવે તે પણ મહત્વનો હક્ક છે. જ્યાં સુધી બાળક ચાલતા શીખતુ નથી ત્યાં સુધી તેની સુરક્ષા કુટુંબ આપે છે. પરંતુ બાળક ચાલતુ થાય, શેરીમાં રમતું થાય, બજારમાં ચીજ-વસ્તુ ખરીદવા જતું થાય અને શાળાએ જતું થાય પછી તેને સુરક્ષાના હક્કની જરૂર પડે છે. શાળાની નજીકમાંથી જાહેર માર્ગ પસાર થતા હોય તો ત્યાં બમ્પ બનાવવામાં આવે છે જેથી વાહનોની ઝડપ ઘટી જાય અને અણસમજુ માર્ગ ઓળંગતા બાળકોની જિંદગીની સુરક્ષા થઈ શકે. આ ઉપરાંત ગુનેગારો બાળકોને ઉઠાવી જાય છે. ક્યારેક બાળકના બદલામાં મોટી રકમ ન મળતા તેની હત્યા કરવામાં આવે છે. તો ક્યારેક બાળકને લુલુલંગડુ

(અપંગ) બનાવી તેની પાસે ભીખ મંગાવવામાં આવે છે. ક્યારેક બાળકી ઉપર બળાત્કાર કરી તેની હત્યા કરાય છે તો ક્યારેક બાળકીને વેશ્યાલયો કે લોહીનો વેપાર કરનારી ટોળકીને વેચી દેવાય છે. ક્યારેક ફટાકડા જેવા ભયજનક કારખાનામાં બાળમજૂરો રખાય છે. આમ બાળકનુ જીવન વેડફાઈ જાય કે તેના જીવનનો અંત આવે તેવી દુ:ખદ ઘટના નિવારવી હોય તો બાળકના જીવન સુરક્ષાના હક્કનુ જતન રાજ્યે કરવુ. રાજ્યને જાગૃત નાગરિકો, ટીવી અને સમાચાર પત્રો, બાળસુરક્ષા હક્ક માટે મદદરૂપ બની શકે છે. **આમ** બાળકના આ અધિકારમાં શોષણના તમામ સ્વરૂપો, અત્યાચાર, અમાનવિય અને અપમાનકારક વ્યવહાર અને ઉપેક્ષા સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. કટોકટી અને શસસ્ત્ર સંઘર્ષમાં ખાસ રક્ષણ મેળવવાનો પણ દરેક બાળકનો અધિકાર છે.

3. **બાળકને વિકાસનો હક્ક:**

બાળકને જન્મવાનો, જીવવાનો અને સુરક્ષાનો હક્ક મળે પછી વિકાસના હક્કનો ક્રમ આવે છે. ડૉ.રાધાકૃષ્ણને કહ્યુ છે મનુષ્ય માત્ર રોટલી ઉપર જીવી શકતો નથી તેથી બાળકને તેના શારીરિક વિકાસ માટે પોષણક્ષમ આહાર મળે તે તો જરૂરી છે. તેથી જ ગુજરાત ભારતના ઘણા રાજ્યોમાં બાલમંદિર અને પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્‌ન ભોજન યોજના શરૂ કરાઈ છે. આ પોષણક્ષમ આહાર ઉપરાંત બાળકને મફત ફરજિયાત કેળવણી મળે તે માટેનો બંધારણીય હક્ક ભારતમાં આપ્યો છે. કેળવણી બાળકનો જાગૃત વ્યક્તિ તરીકે વિકાસ કરવામાં સહાયભૂત થાય છે. કેળવણી બાળકના માનસિક અને નૈતિક વિકાસમાં પણ સહાયભૂત થાય છે. ફ્રોઈડે કહ્યું છે. “વ્યક્તિમત્તાનો પાયો પ્રારંભિક જીવનમાં બનતો હોય છે.” તેથી રાજ્યના આવતીકાલનાં નાગરિક એવા બાળકની વ્યક્તિમત્તાનો સંપૂર્ણ વિકાસ થાય, તે માટેનો હક્ક તેને મળી રહે તેવું વાતાવરણ બાળકને મળવું જોઈએ. વર્ગખંડની ચાર દિવાલો વચ્ચેના શિક્ષણ ઉપરાંત નાના-મોટા પ્રવાસોનો લાભ પ્રત્યેક બાળકને મળે તે માટે આર્થિક જોગવાઈ રાજ્યે કરવી જોઈએ. પ્રવાસો બાળકને બહારનુ અનુભવજન્ય જ્ઞાન તો આપે છે જ તે સાથે તે સિદ્ધિ પ્રેરણા પૂરી પાડે છે. આમ બાળકના આ અધિકારમાં શિક્ષણ, કાળજી અને બાળપણના વિકાસ માટે અવલંબન, સામાજિક સુરક્ષા, ફુરસદ, મનોરંજન તેમજ સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે.

4. **સહભાગી થવાનો અધિકાર:**

બાળકના આ અધિકારમાં બાળકોના અભિપ્રાયો માટે આદર, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય યોગ્ય માહિતી, વિચાર તથા વિવેકબુદ્ધિ અને ધર્મ સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

5. **વિચાર સ્વાતંત્ર્યનો હક્ક:**

લોકશાહી રાજ્ય વ્યવસ્થા આ હક્ક મુળભૂત હક્ક તરીકે આપે જ છે પરંતુ બાળકને પ્રત્યેક રાજ્યમાં વિચાર સ્વાતંત્ર્યનો માનવ હક્ક પણ હોવો જોઈએ. પરંપરાગત સમાજોમા બાળકને શું સમજ પડે? તેવુ માનીને તેને પ્રત્યેક બાબતમાં કેવી રીતે વર્તવુ, બોલવુ તેના માટે વડીલો તરફથી તૈયાર સૂચનો આપવામાં આવતા. તેથી બાળકમાં સર્જનશક્તિનો વિકાસ પુરતા પ્રમાણમાં થતો ન હતો. પશ્ચિમના સમાજોમાં બાળકોને આવો વિચાર

સ્વાતંત્ર્યનો માનવ હક્ક લાંબા સમયથી મળેલો છે. પરિણામે આ સમાજોનો વિકાસ પણ વધુ થયેલો છે. વિચાર સ્વાતંત્ર્યનો અધિકાર બાળકના માનસિક વિકાસ માટે પણ ઉપયોગી છે. તેનાથી બાળકના સ્વનું ઘડતર થાય છે. બાળકમાં કંઈક કરવાની, કંઈક બનવાની તમન્ના જાગે છે. તે બાળકના વ્યક્તિત્વના વિકાસમાં પાયાનુ કામ કરે છે.

**6. વાણી સ્વાતંત્ર્યનો હક્કઃ**

ભારતમાં આ બાળમાનવ હક્ક અપાયેલો છે. જુના પરંપરાગત સમાજોમાં, સરમુખ્યારશાહી અને સામ્યવાદી વ્યવસ્થામાં પણ બાળકોને વાણી સ્વાતંત્ર્યનો માનવ હક્ક અપાતો નથી. જે માનવ સંતાન તરીકે બાળકને સ્વાભાવિક રીતે મળે છે. લોકમાન્ય ટિળકે કહેલુ "સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક્ક છે અને હુ તે મેળવીને જ જંપીશ." સ્વતંત્રતા વાણી સ્વાતંત્ર્ય દ્વારા વ્યક્ત થાય છે. પરંપરાગત સમાજોમાં એવુ માનવામાં આવતુ કે બાળકે વડીલો કહે તેમજ બોલવું જોઈએ. બાળકમાં સામાજીકરણ દ્વારા આજ્ઞાધિનતાના, વડીલો કહે તેમ કરવાના સંસ્કાર રેડાતા. ખાસ કરીને બાળકીને સ્ત્રી-બાળકને ઓછુ બોલવાના, મર્યાદામાં રહેવાના બોધ અપાતા. પ્રાચીન ગ્રીસના એથેન્સમાં વાણી સ્વાતંત્ર્યનો મહીમા હતો. બાળકોમા વક્તૃત્વકળા ખીલે તે માટે શાળાઓમાં ખાસ તાલીમ અપાતી, સારી વક્તૃત્વશૈલીના વિકાસ માટે તો બાળકને સ્વતંત્રતાનો માનવ હક્ક મળવો જ જોઈએ. તે સાથે એ પણ મહત્વની બાબત છે કે બાળક જે સ્વતંત્ર રીતે વિચારી શકે તે વ્યક્ત પણ થવુ જોઈએ. ઘણા મા-બાપો બાળકોની ઈચ્છાને જાણ્યા વગર તેને ધમકાવીને આજ્ઞાંકીત બનાવી રાખતા હોય છે આ બાબત બાળકના વ્યક્તિત્વના વિકાસ માટે અવરોધક છે. તેથી બાળકને તે પોતાના વિચારો મુક્તપણે વ્યક્ત કરી શકે તેવુ વાતાવરણ મળવુ જરૂરી છે. વાણી સ્વાતંત્ર્યનો હક્ક બાળકની બુદ્ધિશક્તિને તેજસ્વી બનાવે છે તે બાળકના ગમા-અણગમાને જ નહી તે પણ કંઈક જાણે છે તે વ્યક્ત કરવાથી તેના સ્વનો વિકાસ કરવાની તક આપે છે.

**7. પસંદગીનો હક્ક અને નિર્ણય લેવાનો હક્કઃ**

પરંપરાગત સમાજોમાં વડીલો બાળકના કપડા ખરીદવાના હોય, તેને માટે રમતના સાધનો લેવાના હોય કે પ્રવાસ માટે જવાનુ હોય એટલુ જ નહિ બાળકે શું ખાવુ છે, કેમ રહેવુ છે, તે માટે બાળકની પસંદગી પુછતા જ નથી. તેથી બાળકને સ્પર્શતી બાબતોમાં પસંદગીનો તેને માનવ હક્ક છે. પછી તેની પસંદગીનો વિકલ્પ મા-બાપને આર્થિક રીતે પોષાતો ન હોય તો છેલ્લે બાળકને સમજાવવુ જોઈએ પરંતુ પ્રથમથી બાળક ઉપર પોતાની પસંદગી મા-બાપે થોપવી ન જોઈએ. જેમ બાળકને તેની પસંદગી વ્યક્ત કરવાનો કે જાણવાનો હક્ક છે તેમ તેને નિર્ણય લેવાનો પણ હક્ક છે. માબાપે –શિક્ષકોએ બાળકને તેને સ્પર્શતા નિર્ણયો લેવા સ્વતંત્રતાનો હક્ક છે તે બાબતને સ્વીકારવી જોઈએ. બાળક પોતે નિર્ણય લઈ શકે તો તેને સારા-ખોટાની સમજ પણ ઝડપથી આવવા માંડે છે. બાળકને તેને સ્પર્શતી બાબતોના નિર્ણય લેવા દેવામાં આવે તો તેનો સ્વ (ઈગો) સંતોષાય છે. તેની વ્યક્તિમત્તાના વિકાસમાં આ બાબત પોષક બને છે.

**બાળકોની વસ્તી વિષયક માહિતીઃ-** ભારત દેશ આજે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ યુવા વર્ગ ધરાવતો દેશ છે. જે ગઈકાલે બાળકો હતા, તે આજના યુવાનો છે. વિશ્વના વિવિધ દેશોમાં બાળકોની વસ્તી 0-14 વર્ષની ઉંમરના કેટલા છે તથા ભારતના વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ વિવિધ વયજૂથની વસ્તી 1991, 2001 અને 2011 મુજબ કેટલી છે, તે નીચેના કોષ્ટકોમાં જોઈ શકાય છે.

**કોષ્ટકઃ-1 વિશ્વના વિવિધ દેશોમાં બાળકોની વસ્તી 0-14 વર્ષની ઉંમરના**

| વિશ્વના વિવિધ દેશોમાં બાળકોની વસ્તી 0-14 વર્ષની ઉંમરના (કુલ વસ્તીના %) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| દેશનું નામ | 1991 | 2001 | 2014 | દેશનું નામ | 1991 | 2001 | 2014 |
| વિશ્વ | 32.8 | 29.8 | 26.2 | યુરો.સંઘ | 19.1 | 16.9 | 15.6 |
| દ.એશિયા | 38.4 | 35.1 | 29.7 | રશિયા | 22.8 | 17.5 | 16.1 |
| ચીન | 29.2 | 24.6 | 18.1 | બ્રાજિલ | 34.8 | 29.1 | 23.6 |
| પાકિસ્તાન | 43.6 | 40.9 | 33.3 | ઈંગ્લેન્ડ | 19.1 | 18.8 | 17.6 |
| શ્રીલંકા | 31.6 | 26.5 | 25.2 | જર્મની | 16.2 | 15.4 | 13 |
| મ્યાનમાર | 37.1 | 30.1 | 24.5 | ફ્રાંસ | 19.8 | 18.8 | 18.2 |
| નેપાળ | 42.1 | 40.3 | 33.8 | અમેરિકા | 21.7 | 21.2 | 19.5 |
| દ.આફ્રિકા | 38.4 | 32.5 | 29.4 | જાપાન | 17.8 | 14.4 | 13 |
| http://data.worldbank.org/indicatorWorld Development Indicators-- 7/28/2015 | | | | | | | |

આમ, વિશ્વમાં 1991માં 32.8% વસ્તી બાળકોની હતી, જયારે 2014માં તે ઘટીને 26.2% થઇ છે. તે મુજબ ભારતમાં કુલ વસ્તીના 30.08% બાળકો છે, જેમાં ભારતમાં વયજૂથ પ્રમાણેનું વસ્તીચિત્ર નીચે મુજબ છે.

**કોષ્ટકઃ-2 ભારતમાં વયજુથ પ્રમાણેનું વસ્તીચિત્ર અંગેની માહિતી**

| ભારતમાં વયજુથ પ્રમાણેનું વસ્તીચિત્ર ( કરોડમાં ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ. | વયજુથ | 1991* | | 2001 @ | | 2011 @ | |
| 1. | બધી જ ઉંમરના | 83.86 | 100 % | 102.86 | 100 % | 121.06 % | 100 % |
| 2. | 0 થી 4 વર્ષ. | 10.24 | 12.2 | 11.04 | 10.7 | 11.28 | 9.3 |
| 3. | 5 થી 9 વર્ષ | 11.13 | 13.3 | 12.83 | 12.5 | 12.69 | 10.5 |
| 4. | 10 થી 14 વર્ષ | 9.87 | 11.8 | 12.48 | 12.1 | 13.27 | 11.0 |
| | બાળકોનીવસ્તી | 31.24 | 37.3 % | 36.35 | 35.3 % | 37.24 | 30.8 % |
| * Excluding Jammu & Kashmir<br>@ Excluding Mao Maram, Pao Mata and Purul Sub Divisions of Senapati district of Manipur census of India 2011 release of social and cultural tables -age data highlights | | | | | | | |

ભારતમાં 1991માં કુલ વસ્તીના 37.3% બાળકો હતા જયારે તે ઘટીને 2011 માં કુલ વસ્તીના 30.8% બાળકો થયા. જેના પરથી સાબિત થાય છે કે બાળકોની વસ્તીનુ પ્રમાણ ઉત્તરોત્તર ઘટતુ જાય છે.

- બાળકો સામેના ગુનાઓના પ્રમાણની માહિતી.

કોષ્ટકઃ-3 ભારતમાં બાળકામદારોની વસ્તી ગ્રામિણ અને શહેરી વિસ્તાર મુજબ

| ક્રમ | વિગત | કુલવસ્તી | 5-18 વર્ષના બાળકોની વસ્તી | કુલ કામદારોની વસ્તી | 5-18 વર્ષના બાળકામદારોની વસ્તી |
|---|---|---|---|---|---|
| 1 | કુલવસ્તી | 121.1 | 35.9 | 48.2 | 3.3 |
| | પુરુષ | 62.3 | 18.9 | 33.2 | 2 |
| | સ્ત્રી | 58.6 | 17 | 15 | 1.2 |
| 2 | ગ્રા.વસ્તી | 83.4 | 26.1 | 34.9 | 2.7 |
| | પુરુષ | 42.8 | 13.7 | 22.7 | 1.6 |
| | સ્ત્રી | 40.6 | 12.4 | 12.2 | 1.1 |
| 3 | શહેરીવસ્તી | 37.7 | 9.9 | 13.3 | 0.6 |
| | પુરુષ | 19.5 | 5.2 | 10.5 | 0.4 |
| | સ્ત્રી | 18.2 | 4.7 | 2.8 | 0.2 |
| http://www.censusindia.gov.in/2011census/C-series/C10/C-13. html | | | | | |

ભારતના કામદારોમાં કુલ 3.3% બાળકામદારની વસ્તી છે. જેમાં શહેરીક્ષેત્ર કરતા ગ્રામીણક્ષેત્રમાં વધુ જોવા મળે છે.

કોષ્ટકઃ-4 ભારતનાં રાજ્યોમાં વર્ષ 2015માં બાળકો સામે નોંધાયેલ ગુનાઓની આંકડાકીય માહિતીઃ

| ક્રમ | રાજ્ય/કે.પ્ર | નોંધાયેલ કેશો | ક્રમ | રાજ્ય/કે.પ્ર | નોંધાયેલ કેશો |
|---|---|---|---|---|---|
| 1 | આન્ધ્રપ્રદેશ | 1992 | 20 | ઓરિસ્સા | 2562 |
| 2 | અરૂણાચલ પ્રદેશ | 181 | 21 | પંજાબ | 1836 |
| 3 | આસામ | 2835 | 22 | રાજસ્થાન | 3689 |
| 4 | બિહાર | 1917 | 23 | સિક્કીમ | 64 |
| 5 | છત્તિસગઢ | 4469 | 24 | તમિલનાડુ | 2617 |
| 6 | ગોવા | 242 | 25 | તેલંગાણા | 2697 |
| 7 | ગુજરાત | 3623 | 26 | ત્રિપુરા | 255 |
| 8 | હરીયાણા | 3262 | 27 | ઉત્તરપ્રદેશ | 11420 |
| 9 | હિમાચલ પ્રદેશ | 477 | 28 | ઉત્તરાખંડ | 635 |
| 10 | જમ્મુ અને કાશ્મીર | 308 | 29 | પશ્ચિમ બંગાલ | 4963 |
| 11 | ઝારખંડ | 406 | | કેન્દ્રશાસિત પ્રદેશો | |
| 12 | કર્ણાટક | 3961 | 30 | આંદામાન અને નિકોબારના ટાપુઓ | 102 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | કેરાલા | 2384 | 31 | ચંડીગઢ | 271 |
| 14 | મધ્યપ્રદેશ | 12859 | 32 | દાદરા અને નગર હવેલી | 35 |
| 15 | મહારાષ્ટ્ર | 13921 | 33 | દમણ અને દીવ | 28 |
| 16 | મણીપુર | 110 | 34 | દિલ્લી | 9489 |
| 17 | મેઘાલય | 257 | 35 | લક્ષદ્વીપ | 2 |
| 18 | મિઝોરમ | 186 | 36 | પોન્ડીચેરી | 56 |
| 19 | નાગાલેન્ડ | 61 | | કુલ (કેન્દ્રશાસિત પ્રદેશમાં) | 9983 |
| | કુલ (રાજ્યો માં) | 84189 | | કુલ (ભારતમાં) | 94172 |

**Crime in India(2015),NCRB(National Crime Records Bureau)**

**• ચાઈલ્ડલાઈનની તથા તેમા આવતા કેસો અંગેની સામાન્ય માહિતીની જાણકારી.**

બાળઅધિકારને હનન પહોંચાડતી વ્યાપક સમસ્યાઓ ભારતમાં જોવા મળે છે. ત્યારે ભારતમાં જીલ્લા લેવલ પર બાળકને તાત્કાલિક મદદ મળે તે હેતુસર કેન્દ્ર સરકારનાં મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા ચાઈલ્ડલાઈન 1098 (બાળકોની હેલ્પ લાઈન) પ્રોગ્રામ ચાલુ કરવામાં આવ્યો. જે બાળક સાથે તાત્કાલિક અને લાંબાગાળાની દરમ્યાનગીરી કરે છે. આ પ્રોગ્રામનું સંચાલન **ચાઈલ્ડલાઈન ઇન્ડિયા ફાઉન્ડેશન** દ્વારા સમગ્ર ભારતમાં કરવામાં આવે છે.

**કોષ્ટકઃ-5 ચાઈલ્ડલાઈનમાં આવતા કેશોનાં વર્ગનું કોષ્ટક**

| ક્રમ | વર્ગ | |
|---|---|---|
| 1 | મેડીકલ | |
| 2 | સેલ્ટર | |
| 3 | પુનઃસ્થાપન | |
| 4 | શોષણ સામે રક્ષણ | બાળમજૂરી |
| | | બાળલગ્ન |
| | | બાળકોનુ શોષણ (શારીરિક ,માનસિક ,ભાવનાત્મક) |
| | | બાળભિક્ષુક |
| | | શારીરિક શિક્ષા |
| 5 | કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક | |
| 6 | સ્પોન્સરશીપ | |
| 7 | મિસિંગ બાળકો | મળી આવેલ બાળક |

| | | |
|---|---|---|
| | | ખોવાયેલ બાળક માટે માતા-પિતાએ માંગેલી મદદ |
| 8 | ભાવનાત્મક ટેકો અને માર્ગદર્શન | |
| 9 | અન્ય દરમ્યાનગીરી | |
| | www.Childlineindia.org | |

**કોષ્ટકઃ-6 ચાઈલ્ડલાઈનમાં સમગ્ર ભારત અને અન્ય વિભાગોમાં આવેલા કેશોની વિગત 2014-2015**

| ક્રમ | વર્ગ | દક્ષિણ વિભાગ | પશ્ચિમ વિભાગ | ઉત્તર વિભાગ | પૂર્વ વિભાગ | સમગ્ર ભારત |
|---|---|---|---|---|---|---|
| | કુલ શહેરોની સંખ્યા | 78 | 67 | 77 | 75 | 297 |
| 1 | મેડીકલ | 2137 | 2609 | 2352 | 5236 | 12334 |
| 2 | શેલ્ટર | 6540 | 2310 | 1834 | 5245 | 15929 |
| 3 | પુનઃ સ્થાપન | 3071 | 186 | 687 | 4196 | 8140 |
| 4 | શોષણ સામે રક્ષણ | 19310 | 7180 | 8920 | 6701 | 42111 |
| 5 | કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો | 385 | 78 | 84 | 191 | 738 |
| 6 | સ્પોન્સરશીપ | 3622 | 3968 | 3508 | 2823 | 13921 |
| 7 | મિસિંગ | 3327 | 4394 | 8877 | 6011 | 22609 |
| 8 | ભાવનાત્મક ટેકો અને માર્ગદર્શન | 47388 | 413934 | 579324 | 258510 | 1299156 |
| 9 | અન્ય દરમ્યાનગીરી | 653 | 47 | 82 | 391 | 1173 |
| | કુલ | 86433 | 434706 | 605668 | 289304 | 1416111 |

**ચાઈલ્ડલાઈનના વાર્ષિક અહેવાલો-2014/2015**

**• બાળસુરક્ષા અંગેની સામાન્ય જાગૃતતા વાલીઓમા છે કે નહી તે અંગેની માહિતી.**

સંયુક્ત રાષ્ટ્ર સંઘના મહાસચિવ શ્રી કોફી અન્નાને કહ્યુ છે. કે, બધાજ બાળકોને પુરો હક્ક છે. કે તે ભૂખ અને ગરીબીથી છૂટકારો મેળવી શકે અને પોતાનો વિકાસ કરી શકે તેવુ શિક્ષણ મળે. તેમને ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે 5 વર્ષની ઉંમર પુરી કરતા પહેલા વિશ્વના દર ત્રણ બાળકોમાંથી એક બાળક કુપોષણનો શિકાર બને છે. દરેક ચારમાંથી એક બાળક ક્યારેય પણ કોઈ પ્રતિરોધક રસી નથી લઈ શકતા. દરેક પાંચમાંથી એક બાળક શાળાએ નથી જઈ શકતો અને જે શાળાએ જાય છે. તેમાંથી દરેક પાંચમાંથી ચાર બાળક પાંચમાં ધોરણ સુધી નથી પહોંચી શકતો. ભારતમાં ગરીબીનું પ્રમાણ ખુબ જ વધારે છે. જેના કારણે બાળકોની સમસ્યા વિકટ બની છે.

રાષ્ટ્રસંઘની મહાસત્તાએ પણ ઘણા દેશોમાં દર વર્ષે બાળદિન ઉજવવાનો ઠરાવ કર્યો છે. 30 મી એપ્રિલને બાળમજૂર વિરોધ દિન તરીકે ઉજવાય છે. 8 મી સપ્ટેમ્બરને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવાય છે. કારણ કે આ પ્રકારના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ ઓછુ હોય છે. 20 મી નવેમ્બર ને આંતરરાષ્ટ્રીય બાળ અધિકાર દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવા માટે આપણો ઉદ્દેશ્ય એ હોવો જોઈએ કે બાળકો ને જીવવાનો, સુરક્ષાનો, વિકાસનો, સહભાગીતાનો અધિકાર મળી રહે.

**ચોંકાવનારા તારણોઃ-**

- 95 ટકા બાળકોના રેપ કેસોમાં આરોપી ઓળખીતા હોય છે.
- 1.83 કરોડ ભારતીયો ગુલામીના અંધકારમાં, બંધુઆ મજૂરી, વેશ્યાવૃત્તી અને ભિખારીઓ મામલે ભારત વિશ્વમાં ટોચના સ્થાને.
- વૈશ્વિક ગુલામી સુચકઆંક અનુસાર દુનિયાભરમાં મહિલાઓ અને બાળકો સહિત ચાર કરોડ 58 લાખ લોકો ગુલામીનું જીવન જીવી રહ્યા છે.
- ભારતમાં દર 3 પરણીત મહિલાઓ માંથી એકના લગ્ન 18 વર્ષ પહેલા થઈ જાય છે, દુનિયામાં 70 કરોડ મહિલાઓનાં લગ્ન 18 વર્ષની ઉંમર પહેલાં થઈ જાય છે.
- ગુજરાતમાં 74 ટકા બાળકો કુપોષિત, 1.47 લાખ અતિગંભીર કુપોષિત.
- ગુજરાતમાં બે લાખ વિદ્યાર્થીનીઓ ધો.10 પછી અભ્યાસ છોડી દે છે.
- શાળાએ જતાં ત્રણમાંથી બે બાળકોનું શારીરિક શોષણ થાય છે.
- મિસિંગ બાળકોમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે, તાઃ-25-05-2015 થી 24-05-2016 સુધી ના એક વર્ષમાં ગુજરાત રાજ્યમાંથી સૌથી વધુ 22,502 બાળકો ગુમ થયા છે.
- ભારતમાં કિશોરો કરતા કિશોરીઓમાં આત્મહત્યાનું વધુ પ્રમાણ હોય છે, 15-20 વર્ષની ભારતીય યુવતીઓ છોકરાઓ કરતા 50 ટકા વધુ આત્મહત્યાના પ્રયાસ કરે છે.
- વિશ્વનાં પાંચ કરોડ બાળકો સંઘર્ષને કારણે ઘરવિહોણાં, એક કરોડ બાળકો શરણાર્થી કેમ્પમાં.
- 2011 ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં 24.42 લાખ બાળકો અભ્યાસથી વંચીત.

- ભારતની વિવિધ જેલોમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહેલી મહિલાઓના 1871 બાળકો વિના વાંકે જેલોમાં ઊછરી રહ્યા છે.
- દુનિયામાં 2.50 લાખ બાળકો સેનાઓ અને આતંકી ગ્રૂપનો હિસ્સો છે.

**ઉપસંહાર**

બાળકો કોઈપણ સમાજની મૂડી-ધન છે, જે આવતી કાલના સારા ભવિષ્યની ધરોહર છે. આ બાળકોનુ શારિરીક અને માનસિક શોષણ એ આપણા માનવ સમાજ માટે ઘણો ચિંતાજનક સવાલ છે. આ બાળકોજ માનવ જીવનને આગળ લઈ જવાના છે, ત્યારે આપણે બાળકોના શારિરીક અને માનસિક શોષણ સામે વાલીઓ ને જાગૃત તથા રાજ્ય અને કેન્દ્ર સરકારને સજાગ કરવા માટે અવાજ ઉઠાવવોજ પડશે, અને જરૂર પડે બાળસુરક્ષા માટેની હેલ્પલાઈનનો ઉપયોગ કરીને સમાજના ભાવિ નાગરિકોને બચાવવામાં ઉમદા કાર્ય કરી શકીએ.

**સંદર્ભ**


I. ડૉ. ગજેન્દ્ર બી. શુક્લ(2015), માનવ હક્કો, પ્રકાશકઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

II. મલિક,ક્રિષ્નાપાલ) અનુવાદક,(બાળમજૂરી) પ્રતિબંધ અને નિયમન (અધિનિયમ 1986 ,બાળ અધિકાર શાખા , મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ,અમદાવાદ .

III. રાવલ, કૌશિક (અનુવાદક), દ્વિતિય આવૃત્તિ.(2008), રક્ષિત બાળપણ, (જુવેનાઈલ જસ્ટિસ એક્ટ-કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન-2000).

IV. મલ્લિક, કૃષ્ણપાલ, સંયુક્ત રાષ્ટ્રસંઘનુ બાળ અધિકારો અંગેનું સમજુતીપત્ર(1989).

V. CHILDREN ACT-NO. 25 OF 2005.

VI. બાળલગ્ન અટકાયત અધિનિયમ, (2006)

VII. કૌશિક રાવલ(2012), બાળ અધિકારો અને કાયદો.

VIII. http://data.worldbank.org/indicatorWorld Development Indicators-Last Updated Date- 7/28/2015

IX. Census of India 2011 release of social and cultural tables -age data highlights

X. http://www.censusindia.gov.in/2011census/C-series/C10/C-13. html

XI. શ્રી પી.એસ. પટેલ(2014/15), મજુર કાયદાઓની સરળ સમજૂતી, પ્રકાશકઃ સંકેત લો બુક સેલર, અમદાવાદ.

XII. Crime in India(2015),NCRB(National Crime Records Bureau)

XIII. www.Childlineindia.org

XIV. ડૉ. તૃષાબેન યુ. પટેલ, જયપાલ સુખવાણી(2014/15), જાતીય સત્તામણીથી સ્ત્રીઓ અને બાળકોના રક્ષણ સબંધીત કાયદાઓ અને નિયમો, પ્રકાશકઃ પુનહલ લો હાઉસ, અમદાવાદ.

XV. ડૉ. હર્ષિદા એચ. દવે(2015), સામાજીક સમસ્યાઓ, પ્રકાશકઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

XVI. બાળકોના અધિકાર, પ્રકાશકઃ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદ.

XVII. મજુર કાયદો, પ્રકાશકઃ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદ.


***************************************************************************


**વિજય રબારી**

સંશોધક અનુપારંગત (ગ્રામ વ્યવસ્થાપન)

ગૂજરાત વિદ્યાપીઠ

ગાંધીનગર

**ડૉ. સતીષ પટેલ**

મદદનીશ પ્રાધ્યાપક

ગ્રામ વ્યવસ્થાપન વિભાગ

ગૂજરાત વિદ્યાપીઠ

ગાંધીનગર


Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat